॥ ૐ હ્રીં શ્રીં અર્હં શ્રી ચિંતામણિ - શંખેશ્વર - આશાપૂરણ પાર્શ્વનાથાય નમ : ॥

પુસ્તક ૭

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન : શા. બાબુલાલ સરેમલ

ભાદરવા સુદ-૫, સંવત ૨૦૬૬

કલિકાલમાં અજાયબી સમા પંચ મહાવ્રતના ધારક સર્વ પૂજ્ય ગુરૂભગવંતોના ચરણોમાં શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાની સાદર અનંતશઃ વંદનાવલી અવધારશોજી.

પૂજ્ય ગુરુવર્યોની પ્રેરણા અને માર્ગદર્શનથી "અહો શ્રુતજ્ઞાનમ્"ના આ વર્ષના પાંચમા-છઠ્ઠા અંક દ્વારા આ વર્ષે નૂતન પ્રકાશિત ૧૭૯ ગ્રંથોની તથા વિદ્વાન ગુરુભગવંતો દ્વારા સંશોધન થઈ રહેલ ઘણા ગ્રંથોની વિગત રજૂ કરેલ, જે માટે અનેક વિદ્વાન્, ગીતાર્થ ગુરુભગવંતોના અનુમોદના સભર પત્ર મળે છે, જેનાથી અમારા ઉત્સાહમાં અનેકગણી વૃદ્ધિ થાય છે. આ અંકમાં પણ એવી સર્વગ્રાહી માહિતિ રજૂ કરવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે, જેને સહુ આવકારશે એવી પૂર્ણ શ્રદ્ધા છે.

"કલિકાળે જિનબિંબ જિનાગમ ભવિયણ કું આધારા" - પ.પૂ. મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી મ.ના ટંકશાળી વચનો પર ચિંતન કરતા જણાય છે કે જિનબિંબની જેમ જિનાગમ પણ શાસનનું અવિભાજ્ય પ્રધાન અંગ છે. જિનને ઓળખાવનાર જિનાગમ છે. સર્વ આરાધના- સાધનાનું માર્ગદર્શક શ્રુતજ્ઞાન છે. અને એટલે જ આગમાદિ સર્વ શ્રુતજ્ઞાનનો વારસો ભાવિ પેઢી સુધી પહોંચાડવો જરૂરી છે.

આપણા શ્રીસંઘમાં જિનમંદિર-જિનબિંબ બનાવવા માટે જેટલો ખર્ચ થાય છે, તેનાં ૧૦% રકમ પણ નૂતન શાસ્ત્રોના સર્જનાદિમાં વપરાય છે ખરી ? એ વિચારવા જેવું છે.

પરમાત્માના વિશિષ્ટ પુણ્યે અઢળક કહી શકાય એટલી દેવદ્રવ્યની ઉપજ અને વપરાશ થાય છે પરંતુ પ્રભુના માર્ગને દેખાડનાર, સમજાવનાર, સાચવનાર એવા શ્રુતની ઉપજ અને મુખ્યત્વે તેના વપરાશ પર પણ ધ્યાન દેવા યોગ્ય છે.

પ્રભુની આંગી, મુગટ, હાર વિગેરે બનાવવા અથવા દેરાસરના સમારકામ, નિભાવ માટે જે ખર્ચ થાય છે, તેની ૧૦% રકમ પણ પ્રાચીન ગ્રંથોના ઉદ્ધાર-પુનર્મુદ્રણાદિ માટે થાય છે કે કેમ તે પર પણ લક્ષ્ય આપવું જોઈએ. માતબર સંઘોમાં જ્ઞાનખાતાના લાખો રૂપિયા વપરાયા વિના ફીક્સમાં પડ્યા રહે છે, જેના ભાવિ સરકારી નુકશાનો ઘણાં છે, જે માટે આંખ આડા કાન કરવા જેવા નથી.

પર્યુષણમાં કલ્પસૂત્ર અંગેની બોલીઓ, પ્રતિક્રમણમાં સૂત્રોની ઉછામણીઓ, દીક્ષાના પ્રસંગોમાં નવકારવાળી, પોથી વિગેરેના ચડાવાઓ ભલે પછી મણમાં હોય કે રૂપિયામાં, પણ તે બધા જ્ઞાનખાતામાં જાય છે. કેટલાંક શ્રી સંઘોમાં આ રકમ દેવદ્રવ્યમાં લઈ જવાતી હોય છે. શ્રાવિકા ઉપાશ્રયના વહીવટદારો આ બધી રકમથી મોટે ભાગે પ્રભુની આંગી વિગેરે બનાવી ઊંચા ખાતામાં દ્રવ્ય વાપર્યાનો આત્મસંતોષ માને છે. પરંતુ પૂજ્ય ગીતાર્થ ગુરૂભગવંતો સ્પષ્ટ કહે છે કે જ્યારે જે ખાતુ સીદાતુ હોય અથવા તેમાં જરૂરિયાત હોય, દ્રવ્ય વાપરવાના યોગ્ય ઉપાયો હોય તેમ છતાં તે દ્રવ્ય નિષ્કારણ ઉપરના ક્ષેત્રમાં વાપરીએ તો તે કોઈ રીતે ઉચિત ન ગણી શકાય.

શ્રુતજ્ઞાનના ક્ષેત્રે ભગીરથ કાર્ય કરતી સંસ્થાઓને અથવા પોતાને યોગ્ય જણાય તે ગુરુભગવંતોની પ્રેરણાથી ઉદાર હૃદયે જ્ઞાનખાતાનો વિનિમય કરવો તે ઉચિત કર્તવ્ય જણાય છે. જ્ઞાનદ્રવ્યનો વિનિમય કરવા યોગ્ય કેટલાંક ઉપાયો અમે અંતિમ પૃષ્ઠ પર રજૂ કરીએ છીએ. અને યોગ્ય મહાત્માઓ જે તે સંઘને જ્ઞાનદ્રવ્યના વિનિમય માટે પ્રેરણા કરે એવી અપેક્ષા રાખીએ છીએ.

જિનશાસનની નિઃસ્વાર્થ સેવાની ભાવનાથી આરંભાયેલ આ કાર્યમાં આપના અમૂલ્ય સૂચન અને માર્ગદર્શનને સદા આવકારીએ છીએ.

એ જ,

શ્રીશ્રમણપ્રધાન જૈનસંઘ ચરણરજ બાબુલાલ.

# સં. ૨૦૬૬ ઈ.સ. ૨૦૧૦ માં નૂતન પ્રકાશિત પુસ્તકો

| ક્ર. | પુસ્તકનું નામ | લેખક/સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧. | આર્હન્ત્ય | પૂ. હેમચંદ્રસૂરિજી | ગુજ. | શ્રી અંબાલાલ રતનચંદ |
| ૨. | યોગવિંશિકા | પૂ. અભયશેખરસૂરિજી | સં./ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૩. | પ્રગટ્યો પૂરણ રાગ | પૂ. યશોવિજયજીસૂરિજી | ગુજ. | વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૪. | ધર્મ તત્ત્વચિંતન(પત્રો) | પૂ. શીલચંદ્રસૂરિજી | ગુજ. | શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ |
| ૫. | પર્યુષણા અષ્ટાહ્નિકા વ્યાખ્યાન | પૂ. કીર્તિયશસૂરિજી | સં. | સન્માર્ગ પ્રકાશન |
| ૬. | શ્રી કલ્પસૂત્ર-સુબોધિકા ટીકા | પૂ. કીર્તિયશસૂરિજી | સં. | સન્માર્ગ પ્રકાશન |
| ૭. | શ્રી બારસાસૂત્ર | પૂ. કીર્તિયશસૂરિજી | સં. | સન્માર્ગ પ્રકાશન |
| ૮. | શાસન પ્રભાવક આચાર્ય ભગવંતો | પૂ. કીર્તિયશસૂરિજી | ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૯. | શ્રી ભક્તામર સ્તોત્ર મહાકાવ્ય | પં. વજસેનવિજયજી | ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૧૦. | શ્રી શત્રુંજય માહાત્મ્ય સાર | પં. વજસેનવિજયજી | ગુજ. | ભદ્રંકર પ્રકાશન |
| ૧૧. | પ્રાકૃત રૂપાવલી | પં. વજસેનવિજયજી | પ્રા/ગુજ. | ભદ્રંકર પ્રકાશન |
| ૧૨. | ઉપમિતિ ભવપ્રપંચા કથા ભા.-૧ | પં. વજસેનવિજયજી | ગુજ. | ભદ્રંકર પ્રકાશન |
| ૧૩. | ઉપમિતિ ભવપ્રપંચા કથા ભા.-૨ | પં. વજસેનવિજયજી | ગુજ. | ભદ્રંકર પ્રકાશન |
| ૧૪. | ઉપમિતિ ભવપ્રપંચા કથા ભા.-૩ | પં. વજસેનવિજયજી | ગુજ. | ભદ્રંકર પ્રકાશન |
| ૧૫. | યોગશાસ્ત્ર | પૂ. જયાનંદવિજયજી | સં./હિ. | ગુરૂ રામચંદ્ર પ્રકાશન |
| ૧૬. | શોભન સ્તુતિ ભાગ-૧ | પૂ. હિતરત્નવિજયજી | સં. | કુસુમ અમૃત ટ્રસ્ટ |
| ૧૭. | શોભન સ્તુતિ ભાગ-૨ | પૂ. હિતરત્નવિજયજી | સં. | કુસુમ અમૃત ટ્રસ્ટ |
| ૧૮. | સમ્યક્ત્વ પ્રકરણ (બોધિપતાકા ટીકા) | પૂ. હિતરત્નવિજયજી | ગુજ. | કુસુમ અમૃત ટ્રસ્ટ |
| ૧૯. | અરિહંત ડોટકોમ | પં.શ્રી ઉદયવલ્લભવિજયજી | ગુજ. | પ્રજ્ઞા પ્રબોધ પરિવાર |
| ૨૦. | વચ્છરાજ વિહાર પ્રશસ્તિ (રાજજયા નામક સ્વોપજ્ઞ વૃત્તિ) | મુનિ રાજસુન્દરવિજયજી | સં. | શ્રુતજ્ઞાન સંસ્કારપીઠ |
| ૨૧. | હૃદયે બાંધી પ્રીત | પૂ. હર્ષશીલવિજયજી | ગુજ. | આત્મશ્રેય પ્રકાશન |
| ૨૨. | યોગ દ્રષ્ટિથી જીવન બદલીએ | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ. | હસમુખલાલ ભાયચંદ |
| ૨૩. | તારકતીર્થોના તીરે રમણીય રામસણ | પૂ. હેમરત્નવિજયજી | ગુજ. | રામસણ શ્વે.મૂ.જૈન સંઘ |
| ૨૪. | ગુરૂવાણી - ૪ | પૂ. જંબૂવિજયજી | ગુજ. | સિદ્ધિ ભુવન મનોહર ટ્રસ્ટ |
| ૨૫. | સાધર્મિક મારી દૃષ્ટિએ | પૂ. ભુવનભાનુસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨૬. | મીઠા ફળ માનવ જીવનના | પૂ. કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨૭. | પુસ્તક એટલે પુસ્તક | પૂ. આત્મદર્શનવિજયજી | ગુજ. | કલ્યાણમિત્ર પરિવાર |
| ૨૮. | પ્રસ્તાવના | પૂ. આત્મદર્શનવિજયજી | ગુજ. | કલ્યાણમિત્ર પરિવાર |

# વિદ્વાનો ને વિજ્ઞપ્તિ

પ્રેષક : વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરીશ્વરજી ના શિષ્ય
પૂ. આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ. સા.

આજે વિશિષ્ટ વિદ્વાનોને પ્રાયઃ એક પ્રશ્ન વિશેષ પૂછવામાં આવતો હોય છે - "શાનું સંશોધન ચાલે છે ?" એવું લાગે છે કે મહદંશે આપણી માનસિકતા "વિદ્વત્તાની પરાકાષ્ઠા સંશોધનમાં પર્યવસિત થઈ ગઈ છે." એવો અભિપ્રાય ધરાવે છે પણ વાસ્તવિકતા તેવી નથી.

અમુક ગ્રંથ પર સંશોધન સંપાદન કરવું એ **લંબાઈ** છે. તેના પર તુલના/ટીકા/અનુવાદ/ટિપ્પણ રજુ કરવા એ **પહોળાઈ** છે. તેના પર ગંભીર અનુપ્રેક્ષા કરવી એ **ઊંડાઈ** છે.

પણ એ સંશોધનાદિની ઉપાદેયતા નિઃશંક છે. પણ એ સીમા નથી, પણ એ તો શરૂઆત છે. પહોળાઈ અને ઊંચાઈ ભળે તો લંબાઈના અનેકગુણા ફળ મળે. આપણી પાસે આજે ય વિપુલ સાહિત્ય છે. સટીક શાસ્ત્રો પણ ઓછા નથી, પણ ગંભીર અનુપ્રેક્ષાના આલંબન અત્યંત અલ્પ નહીવત્ હશે. સમર્થ વિદ્વાનોએ આ ક્ષેત્રમાં નિમગ્ન થવાની આવશ્યકતા છે.

આચારાંગ, સૂત્રકૃતાંગ, ઠાણાંગ જેવા અનેક આગમો એટલા ગંભીર અર્થોથી ભરેલા છે કે સમર્થ વિદ્વાનો તેના પર બૌદ્ધિક પરિશ્રમ કરે, તો એવા રત્નો પ્રગટ થવા લાગે કે ગ્રંથને માથે મૂકીને નાચવાનું મન થયા વિના ન રહે. "जे अणन्नदंसी से अणन्नारामे" જેવા એક સૂત્રમાંથી સેંકડો અર્થો આજે પણ કરી શકાય. એક એક અર્થ અધ્યેતાઓને રોમાંચિત કરી મુકે.

ઊંડાણમાં ડુબકી લગાવીએ એટલે લંબાઈ ઓછી થવાની, એ સહજ છે. એક ગ્રંથ, એક અધ્યયન કે છેવટે એકાદ ઉદ્દેશ પણ એક-એક વિદ્વાનો હાથમાં લે, તો અધ્યેતાઓ ન્યાલ થઈ જાય. શાસ્ત્ર માત્ર સંશોધન ને વાંચનનો વિષય નથી પણ અર્થપરિણતિ, અનુપ્રેક્ષા અને આચરણનો વિષય છે, શ્રુતજ્ઞાન એ ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાનમાં રૂપાંતરિત કરવાનો વિષય છે.

ધર્મબિન્દુ ગ્રંથમાં પૂ. હરિભદ્રસૂરિ મહારાજા ફરમાવે છે, કે જે ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાનનું જ્ઞેય છે, તે "શ્રુતજ્ઞાનનો વિષય બનતું નથી. એ તો શ્રુતજ્ઞાનથી અજ્ઞાત જ રહે છે."

આ છે લંબાઈની દશા, જ્યાં શાસ્ત્રનું તાત્પર્ય - ઐદંપર્ય પામ્યા વિના માત્ર દોડાતું રહે છે. ટીકાકાર મહર્ષિઓએ આપણા પર અનન્ય ઉપકાર કર્યો છે. અન્યથા તો કદાચ આપણે શ્રુતજ્ઞાનથી પણ વંચિત થઈ ગયા હોત. અનેક સૂત્રોનો પદાર્થ ટીકાના અભાવે દુર્ગમ બની ગયો હોત. તેમણે આપેલા વારસાને રોહિણી-વહુની જેમ અનેકગણો બનાવવો એ વિદ્વાનોનું કર્તવ્ય છે.

ચોથા આરામાં ચૌદ પૂર્વધરો જ્યારે શિષ્યોને આચારાંગ આદિ પર વાચના આપતા હશે, ત્યારે એક એક પદમાં કેટલું ઊંડાણ ખેડતા હશે ! કેવા અદ્ભુત અર્થઘટનોનું નિરૂપણ કરતા હશે ! પ્રત્યેક સૂત્રના અનંત અર્થોમાંથી હજારો-લાખો અર્થો કદાચ રજુ કરતા હશે ! સેંકડો-હજારો શિષ્યોની એ પર્ષદામાં કેટલાય શિષ્યો એ સાંભળતા સાંભળતા જ ક્ષપકશ્રેણિ માંડીને કેળજ્ઞાન પામી જતાં હશે.

બહુશ્રુત વિદ્વાનોને નમ્ર વિનંતિ કે આ દિશામાં તેઓ આગેકૂચ કરે. તેમને પોતાને અને અધ્યેતાઓને ચમત્કૃતિસભર પરિણામોની પ્રાપ્તિ થશે.

તા.ક. : અનેક ગીતાર્થોના મંતવ્યને અનુસારે આગમો પરના સર્જનો સંસ્કૃત-પ્રાકૃતમાં થાય, એ ઈચ્છનીય છે.

# સરસ્વતી પુત્રોને વિનમ્ર અરજ

હિંદુ ધર્મનો મુખ્ય ગ્રંથ ભગવદ્ગીતા ગણાય છે. ઈસ્લામનો માન્ય ગ્રંથ છે. કુરાન. ખ્રિસ્તીઓનો ધર્મગ્રંથ છે બાઈબલ. બૌદ્ધધર્મમાં ધમ્મપદ છે પણ જૈન ધર્મનો પ્રાતિનિધિક સર્વસામાન્ય ગ્રંથ કયો ? આપણી પાસે પરમ પવિત્ર ૪૫ આગમગ્રંથ છે. કલ્પસૂત્ર તો સર્વશાસ્ત્ર શિરોમણી કહ્યું છે. એમાં કોઈ જ સંદેહ નથી પરંતુ પદાર્થની દૃષ્ટિએ એવું એક પણ આગમ નથી કે જેમાં જૈન ધર્મના સર્વ પદાર્થોનો સંગ્રહ થયો હોય. વળી, આગમ ગ્રંથોના તો ફક્ત ગીતાર્થ અને યોગ્યતા પ્રાપ્ત ગુરૂભગવંતો જ વાંચનાધિકારી હોઈ સામાન્ય જનસમૂહમાં આદરણીય એવો સર્વાંગ, સંપૂર્ણ, સર્વગ્રાહી ગ્રંથ જોવામાં આવતો નથી. આ પ્રમાણે સર્વપદાર્થોને સમાવિષ્ટ કરે એવું એક **"જૈન ધર્મનો પરિચય"** નામનું પુસ્તક યુવાશિબિરઆદ્યપ્રણેતા, સંઘ એકતા હિતચિંતક **આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ** શ્રીસંઘને ભેટ ધર્યું છે, પણ તે ગુજરાતીમાં છે.

શ્રીસંઘ પાસે લગભગ ૧ લાખ શ્લોકપ્રમાણ જેટલું મૂળ પ્રાકૃત-અર્ધમાગધી આગમ સાહિત્ય ઉપલબ્ધ છે. સાત લાખ શ્લોકપ્રમાણ પંચાગી ઉપલબ્ધ છે. તથા અન્ય વિદ્વાનોના રચેલા ગ્રંથો એથી'યે અધિક છે.

"સરસ્વતી પુત્રોને વંદના" એ કોલમ દ્વારા આજના કાળે પણ અનુપમ-અદ્ભુત સર્જન-સંશોધન-સંપાદન-ભાષાંતરણ-લિપ્યંતરણ કરનારા પરમ વિદ્વાન્ જ્ઞાની મહાત્માઓને જાણીને હૈયું નૃત્ય કરે છે. બહુમાનસભર તેમના ચરણોમાં ઝૂકી જાય છે. આવા મહાત્માઓ પ્રત્યે અમોને અંતરથી અપેક્ષા રહે છે કે તેમના દ્વારા આવું સર્વાંગ-સંપૂર્ણ સર્જન-સંપાદન થાય.

ગ્રંથનું સ્વરૂપ, ગ્રંથના વિભાગો, શ્લોકપ્રમાણ, પ્રાચીનની પ્રધાનતા વિગેરે અનેક પ્રકારે તેનું ફોર્મેટ પ્રથમથી નક્કી કરી આવા કાર્યોમાં આગળ વધવું જોઈએ કે જેથી તે સર્વસામાન્ય બની શકે. એ માટે બહુશ્રુત વિદ્વાનોને અમે કરબદ્ધ પ્રાર્થના કરીએ છીએ કે આ ગ્રંથનું વ્યવસ્થિત સ્વરૂપ કેવું હોવું જોઈએ તે બાબત અમને માર્ગદર્શન આપે એવી હાર્દિક ઈચ્છા છે. જે અનેકને માર્ગદર્શક બની શકશે.

તા.ક. : સરસ્વતી પુત્રોને વંદના કોલમ દ્વારા જે તે પૂજ્યોને ચાલતા સંશોધન-સંપાદનની માહિતિ રજૂ કરવા દ્વારા તેઓનું અભિવાદન કરીએ છીએ અને તે પુસ્તક-પ્રતો પ્રકાશન થતાં અમારા જ્ઞાનભંડારમાં મોકલવા વિનમ્ર અરજ કરીએ છીએ.

# સરસ્વતી પુત્રોને વંદના (સંશોધન-સંપાદન-નિરત)

## યુગપ્રભાવક ગ.આ.શ્રી ભુવનભાનુસૂરિજી જન્મ શતાબ્દી નિમિત્તે
## પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આ.શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા

(૧) સૂત્રકૃતાંગ ચૂર્ણિ (સંશોધન - સંપાદન)

## પૂ. રાજશેખરસૂરીશ્વરજી મ.સા. (પૂ.આ.શ્રી રામચંદ્રસૂરીશ્વરજી સમુદાય)

(૧) પંચાશક સટીક - પ્રતાકાર (સંશોધિત આવૃત્તિ)
(૨) પંચાશક ૧ થી ૧૯ પંચાશક સંપૂર્ણ સટીક ભાવાનુવાદ સાથે

## પૂ.પં.શ્રી નયચંદ્રસાગરજી મ.સા. દ્વારા (પૂ.આ.શ્રી હેમચંદ્રસાગરસૂરિજીના શિષ્ય)
## પૂ.આનંદસાગરસૂરિજી સંશોધિત સંપાદિત ગ્રંથોનું પુનઃમુદ્રણ

(૧) સૂર્ય પ્રજ્ઞપ્તિ સટીક
(૨) નંદીસૂત્ર (હારિભદ્રીય વૃત્તિ)
(૩) યતિદિનચર્યા
(૪) ભગવતી સૂત્ર - દાનશેખરસૂરિજી ટીકા
(૫) અનુયોગદ્વાર ચૂર્ણિ
(૬) આચારાંગસૂત્ર સટીક ભાગ-૧-૨
(૭) જીવાજીવાભિગમ સૂત્ર સટીક
(૮) સૂત્રકૃતાંગ સૂત્ર સટીક
(૯) યશોવિજયજી કૃત ગ્રંથમાળા
(૧૦) પર્યુષણા અષ્ટાહ્નિકા વ્યાખ્યાન
(૧૧) ઉપદેશમાળા મૂળ
(૧૨) કૃષ્ણ ચરિત્ર
(૧૩) નવપદ પ્રકરણ લઘુવૃત્તિ

**પૂ.આ.રત્નચંદ્રસૂરિજી મ.સા. (પૂ. રામસૂરિજી ડહેલાવાળા સમુદાય) પુનઃમુદ્રણ**
જ્ઞાનસાર (ગંભીરવિજયજી ની ટીકા) પ્રતાકાર

**પૂ.પં.રાજપદ્મવિજયજી મ.સા. (પૂ. કલિકુંડ તીર્થોદ્ધારક શ્રી રાજેન્દ્રસૂરિજી ના શિષ્ય)**
સંઘાચાર ભાષ્ય ભાગ-૨ (કર્તા - ધર્મઘોષસૂરિજી)

**પૂ.શ્રી રાજસુંદરવિજયજી મ.સા. (પૂ. કલિકુંડ તીર્થોદ્ધાર શ્રી રાજેન્દ્રસૂરિજીના શિષ્ય)**
અર્હત્સ્તોત્રમ્ (એકાક્ષર કાવ્ય મનોરમા નામક સ્વોપજ્ઞ વૃત્તિ સંકલિત)

**પૂ.ઉપા. યોગીન્દ્રવિજયજી તથા નમ્રેન્દ્રવિજયજી મ.સા. (શ્રી જિનેન્દ્રસૂરિજી શિષ્ય)**
(૧) જૈનકથા સૂચિ - ૧-૨-૩ (આગમ પ્રકરણ ગ્રંથોની કથાઓની અકારાદિ સૂચિ)
(૨) ઝળહળતા રત્નો

**પૂ. સાધ્વીજી ચંદનબાલાશ્રીજી મ.સા. (પૂ.આ.શ્રી રામચંદ્રસૂરીશ્વરજી સમુદાય)**
(૧) ધર્મસંગ્રહ (ઉપા. યશોવિજયજી સંશોધિત, સ્વોપજ્ઞ વૃત્તિ સહિતનું નવીન સંસ્કરણ)
(૨) ઋષિદત્તા ચરિયમ્ (ગુણપાલ મુનિવર રચિત - અપ્રકાશિત કૃતિ)
(૩) ઋષિદત્તા ચરિત્રમ્ (સંસ્કૃત પદ્યમય-અજ્ઞાત કર્તૃક - અપ્રકાશિત કૃતિ)
(૪) પાતંજલ યોગ સૂત્ર (રાજમાર્તંડ ટીકા-ઉપ. યશોવિજયજીની ટીપ્પણરૂપ વ્યાખ્યા સહિત)
(પં.પ્રવીણચંદ્ર મોતાનું વિવેચન)

**ડૉ. શીવપ્રસાદ**
વિવિધ ગચ્છોકા ઈતિહાસ ભાગ ૧-૨

# અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર

શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર દ્વારા "અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર" યોજનાન્વયે ગત વર્ષે ૫૪ પુસ્તકો સ્કેન કરાવી તેની મર્યાદિત નકલો સક્રિય જ્ઞાનભંડારોને નિઃશુલ્કપણે તથા પૂજ્ય ગુરુભગવંતોની પ્રેરણાથી પડતર કિંમતે અન્ય જ્ઞાનભંડારોને મોકલેલ, જેનો ખૂબ જ સુંદર પ્રતિસાદ મળ્યો. આ વર્ષે પણ આવા કેટલાંક પુસ્તકો સ્કેન કરાવી મર્યાદિત નકલો સક્રિય જ્ઞાનભંડારોમાં નિઃશુલ્ક મોકલી રહ્યાં છે, જેની યાદી આ પ્રમાણે છે. પૂજ્ય ગુરુભગવંતો આ બાબત માર્ગદર્શન આપે એવી અપેક્ષા છે.

| ક્ર. | પુસ્તકનું નામ | ભાષા | કર્તા/ટીકાકાર/સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૫૫ | શ્રી સિદ્ધહેમ બૃહદ્વૃતિ બૃહદ્‌ન્યાસ અધ્યાય-૬ | સં. | પૂ. લાવણ્યસૂરિજી મ.સા. | ૨૯૪ |
| ૫૬ | વિવિધ તીર્થ કલ્પ | સં. | પૂ. જિનવિજયજી મ.સા. | ૧૫૮ |
| ૫૭ | ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા | ગુજ. | પૂ.પૂણ્યવિજયજી મ.સા. | ૧૬૨ |
| ૫૮ | સિદ્ધાન્તલક્ષણગૂઢાર્થ તત્વાલોક | સં. | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્ચાઝા) | ૨૦૦ |
| ૫૯ | વ્યાપ્તિ પંચક વિવૃતિ ટીકા | સં. | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્ચાઝા) | ૪૬ |
| ૬૦ | જૈન સંગીત રાગમાળા | ગુજ. | શ્રી માંગરોળ જૈન સંગીત મંડળી | ૩૦૪ |
| ૬૧ | ચતુર્વિંશતીપ્રબન્ધ (પ્રબંધ કોશ) | સં. | શ્રી રસિકલાલ હીરાલાલ કાપડીઆ | ૩૧૮ |
| ૬૨ | વ્યુત્પત્તિવાદ આદર્શ વ્યાખ્યા સંપૂર્ણ ૬ અધ્યાય | સં. | શ્રી સુદર્શનાચાર્ય | ૬૬૪ |
| ૬૩ | ચન્દ્રપ્રભા હેમકૌમુદી | સં. | પૂ.મેઘવિજયજી ગણિ | ૫૧૨ |
| ૬૪ | વિવેક વિલાસ | સં./ગુજ. | શ્રી દામોદર ગોવિંદાચાર્ય | ૨૬૪ |
| ૬૫ | પંચશતી પ્રબોધ પ્રબંધ | સં. | પૂ.મૃગેન્દ્રવિજયજી મ.સા. | ૪૫૨ |
| ૬૬ | સન્મતિતત્ત્વસોપાનમ્ | સં. | પૂ.લબ્ધિસૂરિજી મ.સા. | ૪૧૬ |
| ૬૭ | ઉપદેશમાલા દોઘટ્ટી ટીકા ગુર્જરાનુવાદ | ગુજ. | પૂ.હેમસાગરસૂરિજી મ.સા. | ૬૩૪ |
| ૬૮ | મોહરાજપરાજયમ્ | સં. | પૂ.ચતુરવિજયજી મ.સા. | ૧૮૮ |
| ૬૯ | ક્રિયાકોશ | સં./હિં | શ્રી મોહનલાલ બાંઠિયા | ૪૨૪ |
| ૭૦ | કાલિકાચાર્યકથાસંગ્રહ | સં./ગુજ. | શ્રી અંબાલાલ પ્રેમચંદ | ૪૦૪ |
| ૭૧ | સામાન્ય નિરુક્તિ ચન્દ્રકલા-કલાવિલાસ ટીકા | સં. | શ્રી વામાચરણ ભટ્ટાચાર્ય | ૩૦૫ |
| ૭૨ | જન્મસમુદ્રજાતક | સં./હિં | શ્રી ભગવાનદાસ જૈન | ૧૨૪ |
| ૭૩ | મેઘમહોદય વર્ષપ્રબોધ | સં./હિં | શ્રી ભગવાનદાસ જૈન | ૫૨૮ |
| ૭૪ | જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથો | ગુજ. | શ્રી હિમ્મતરામ મહાશંકર જાની | ૩૭૦ |
| ૭૫ | જૈન ચિત્ર કલ્પદ્રુમ ભાગ - ૧ | ગુજ. | શ્રી સારાભાઈ નવાબ | ૧૭૦ |
| ૭૬ | જૈન ચિત્ર કલ્પદ્રુમ ભાગ - ૨ | ગુજ. | શ્રી સારાભાઈ નવાબ | ૨૬૨ |
| ૭૭ | સંગીત નાટ્ય રૂપાવલી | ગુજ. | શ્રી વિદ્યા સારાભાઈ નવાબ | ૧૯૦ |
| ૭૮ | ભારતનાં જૈન તીર્થો અને તેનું શિલ્પસ્થાપત્ય | ગુજ. | શ્રી સારાભાઈ નવાબ | ૧૮૮ |
| ૭૯ | શિલ્પ ચિન્તામણિ ભાગ-૧ | ગુજ. | શ્રી મનસુખલાલ ભુદરમલ | ૨૫૨ |
| ૮૦ | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૧ | ગુજ. | શ્રી જગન્નાથ અંબારામ | ૨૫૮ |
| ૮૧ | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૨ | ગુજ. | શ્રી જગન્નાથ અંબારામ | ૨૪૦ |
| ૮૨ | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૩ | ગુજ. | શ્રી જગન્નાથ અંબારામ | ૨૬૦ |
| ૮૩ | આયુર્વેદના અનુભૂત પ્રયોગો ભાગ-૧ | ગુજ. | પૂ. કાન્તિસાગરજી | ૬૦૦ |
| ૮૪ | કલ્યાણ કારક | ગુજ. | શ્રી વર્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્રી | ૯૦૮ |
| ૮૫ | વિશ્વલોચન કોશ | સં./હિં | શ્રી નંદલાલ શર્મા | ૪૨૫ |

## સ્વાધ્યાય અભ્યાસ ઉપયોગી જરૂરી પુસ્તકો દરેક જ્ઞાનભંડારોએ વસાવવા યોગ્યની યાદી

આપણા પૂજ્ય ગુરુભગવંતો પ્રેરિત ઘણી ઉત્તમ સંસ્થાઓ છે કે જેઓ જ્ઞાની ભગવંતો દ્વારા લેખિત, સંપાદિત ગ્રંથોને પ્રકાશિત કરે છે અને જ્ઞાનદ્રવ્યની સહાય વડે છપાતા બધાજ કિંમતી પુસ્તકોને આપણા જ્ઞાનભંડારોને તેમજ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને ભેટ મોકલાવે છે તેના લીધેજ આપણા સાધુ-સાધ્વીજી ભગવંતોને તેમના અભ્યાસ ઉપયોગી પુસ્તકો જુદાં-જુદાં સ્થળોએ સહેલાઈથી મળે છે. આવા ઉત્તમ પ્રકાશકોની અંતરના ભાવપૂર્વક અનુમોદના કરીએ છીએ. જે તે સંઘો કે વ્યક્તિઓ જેઓ જ્ઞાનદ્રવ્યથી લાભ લે છે તેમની શ્રુતભક્તિ અને પ્રકાશકોની ઉદારતાથી આપણા જ્ઞાનભંડારોમાં જરૂરી સાહિત્ય ઉપલબ્ધ બને છે પરંતુ જે પુસ્તકો ભેટ નથી મળતા તેવા અમારી દૃષ્ટિએ ખૂબ જ જરૂરી અને અનિવાર્ય કેટલાક પુસ્તકો-કોશ ખરીદીને વસાવવા માટેની યાદી આ સાથે રજુ કરીએ છીએ.

| પુસ્તકનું નામ | લેખક/સંપાદક | ભાષા | કિંમત | પ્રકાશક |
|---|---|---|---|---|
| સંસ્કૃત હિન્દી કોશ | વામન શીવરામ આપ્ટે | સં./હિ. | ૩૫૦ | કમલ પ્રકાશન, દિલ્હી |
| બૃહદ્ કોશ | રતીલાલ નાયક | સં./ગુજ. | ૨૫૦ | અક્ષરા પ્રકાશન(અનડા પ્રકાશન) |
| અમર કોશ | કે.કા.શાસ્ત્રી | સં. | ૧૦૦ | સરસ્વતી પુસ્તક ભંડાર |
| પ્રાકૃત હિંદી કોશ | કે.આર.ચંદ્રા | પા/હિ. | ૩૫૦ | પાકૃત સોસાયટી |
| પાઈય શદ્દ મહણ્ણવો | પં.હરગોવનદાસ શેઠ | પા/હિ. | ૮૦૦ | મોતીલાલ બનારસીદાસ |
| અમરકોશ | નામલિંગાનુશાસન | સં./હિ. | ૪૨૫ | ચૌખમ્બા સાહિત્ય પ્રકાશન |
| જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ ૧થી૫ | જિનેન્દ્ર વર્ણી | સં./હિ. | ૨૫૦૦ | ભારતીય જ્ઞાનપીઠ |
| શબ્દરત્ન મહોદધિ | પૂ. મુક્તિવિજયજી ગણિ | સં./ગુજ. | ૭૫૦ | નિતીસૂરિજી લાઈબ્રેરી |
| પાકૃત હિન્દી કોશ -૧-૨ | ઉદયચંદ જૈન | પા/હિ. | ૧૬૦૦ | સરસ્વતી પુસ્તક ભંડાર |
| Practical Sanskrit Dictionary | વામન શીવરામ આપ્ટે | સં./અં. | ૭૯૦ | સરસ્વતી પુસ્તક ભંડાર |
| ધાતુ રત્નાકર ભા.૧ થી ૫ | પૂ. લાવણ્યસૂરિજી | સં. | ૩૫૦૦ | સરસ્વતી પુસ્તક ભંડાર |
| અભિધાન રાજેન્દ્ર કોશ | પૂ. રાજેન્દ્રસૂરિજી | પા./સં. | ૨૧૦૦ | રાજરાજેન્દ્ર પ્રકાશન |
| અર્ધમાગધી કોશ | રત્નચંદ્રજી | સં/હિ/ગુ. | ૨૫૦૦ | સરસ્વતી પુસ્તક ભંડાર |
| આગમ શબ્દ કોશ | આ.મહાપ્રજ્ઞજી | પા/હિ. | ૩૦૦ | જૈન વિશ્વભારતી |
| આગમભદ્ર કોશ | પૂ. દીપરત્નસાગરજી | પ્રા./ગુજ. | ૨૪૦૦ | આગમશ્રુત પ્રકાશન |
| જૈન આગમ વનસ્પતિ કોશ | આ.તુલસીજી | સં./હિ. | ૩૦૦ | જૈન વિશ્વભારતી |
| જૈન આગમ પ્રાણી કોશ | આ.તુલસીજી | સં./હિ. | ૨૫૦ | જૈન વિશ્વભારતી |
| જૈન આગમ વાદ્ય કોશ | આ.તુલસીજી | સં./હિ. | ૧૦૦ | જૈન વિશ્વભારતી |
| એકાર્થિક કોશ | આ.તુલસીજી | સં./હિ. | ૧૦૦ | જૈન વિશ્વભારતી |
| સંગ્રહણીરત્નમ્ | પૂ. યશોદેવસૂરિજી | ગુજ. | ૨૦૦ | જૈન સાહિત્ય મંદિર |
| ત્રિશષ્ટિ શલાકા પુરૂષ ૧થી૫ | કુંવરજી આણંદજી | ગુજ. | ૮૦૦ | જૈન પ્રકાશન મંદિર |
| રઘુવંશ કાવ્ય સર્ગ - ૧ | કાલિદાસકૃત, સુધાટીકા | સં. | ૧૫ | ચૌખમ્બા સાહિત્ય પ્રકાશન |
| રઘુવંશ કાવ્ય સર્ગ - ૨ | કાલિદાસકૃત, સુધાટીકા | સં. | ૧૫ | ચૌખમ્બા સાહિત્ય પ્રકાશન |
| શિશુપાલ વધ સર્ગ - ૧-૨ | માઘ કૃત, સુધાટીકા | સં./હિ. | ૫૦ | ચૌખમ્બા સાહિત્ય પ્રકાશન |
| કિરાતાર્જુનીયમ્ સર્ગ - ૧ | ભારવિ કૃત, સુધાટીકા | સં. | ૧૫ | ચૌખમ્બા સાહિત્ય પ્રકાશન |
| કિરાતાર્જુનીયમ્ સર્ગ - ૨ | ભારવિ કૃત, સુધાટીકા | સં. | ૧૫ | ચૌખમ્બા સાહિત્ય પ્રકાશન |

## શ્રી સંઘોને જ્ઞાનદ્રવ્યના સદ્વિનિમય યોગ્ય સ્થાનો :

૧) વિદ્વાન ગુરૂભગવંતો દ્વારા જે અપ્રગટ હસ્તપ્રતોના લિપ્યંતરણ, સંશોધન-સંપાદન-ભાષાંતરાદિ. કાર્યો થતાં હોય તેના પ્રકાશનમાં લાભ લઈ શકાય.

૨) આપણા પ્રાચીન હસ્તલિખિત વારસાને સાચવવા માટે જે તે પ્રાચીન જ્ઞાનભંડારોના નિભાવમાં મદદ કરી શકાય. વળી, તેમાં સંગૃહીત હસ્તપ્રતોને સ્કેન કરાવીને સ્ટોર કરી દેવી જોઈએ. સ્કેન કરેલ યોગ્ય ગ્રંથોની ૧૦/૨૦ નકલોની પ્રિન્ટ કઢાવી ઉત્તમ જ્ઞાનભંડારોને ભેટ આપવો જોઈએ કે જે જ્ઞાનભંડારો ખૂબ જ ઉદારતાપૂર્વક પોતાના ગ્રંથો અને હસ્તપ્રતોની ઝેરોક્ષ પૂજ્યોને સ્વાધ્યાય-સંશોધન માટે આપતા હોય.

કેટલાંક ગુરુભગવંતોની પ્રેરણા ને માર્ગદર્શનથી આ પ્રમાણેના કાર્યો થતાં હોય છે તો તેઓની પ્રવૃતિઓની વિગત જાણીને જ્ઞાનદ્રવ્યનો સદ્વ્યય કરવો જોઈએ.

૩) આજથી ૫૦-૬૦-૧૦૦ વર્ષ પૂર્વે છપાયેલા અભ્યાસોપયોગી પુસ્તક-પ્રતો તથા જેનો વારસો સાચવવો જરૂરી ગણાય એવા પણ ગ્રંથો જો ફરી રીપ્રિન્ટ ન થયા હોય તો મુખ્યતયા તેને ફરી સંશોધન કરીને અથવા વિકલ્પે સ્કેનીંગ કરાવી, રીપ્રિન્ટ કરાવીને મહત્વના જ્ઞાનભંડારોને મોકલવાનું કાર્ય કરવા જોગ છે. જેમાં જ્ઞાનદ્રવ્ય વાપરવું જોઈએ.

૪) આપણા પૂજ્ય ગુરૂભગવંતો પ્રેરિત ઘણી-બધી સંસ્થાઓ ગ્રંથો-પુસ્તકો પ્રકાશિત કરે છે. તથા અન્ય ગુરૂભગવંતો તથા જ્ઞાનભંડારોને ભેટ આપે છે (આવી કેટલીક સંસ્થાઓની યાદી અમે હવે પછીના અંકમાં રજૂ કરશું.) એ જ કારણથી આ શાસ્ત્રગ્રંથો સંઘના ભંડારોમાં સહેલાઈથી મળે છે. પરંતુ ન્યાયના અજૈન પ્રકાશનના ગ્રંથો તેમજ તેરાપંથ, સ્થાનકવાસી કે દિગંબર સંપ્રદાયના આગમ અને પ્રકરણ ગ્રંથો તેમજ સંસ્કૃત-પ્રાકૃત શબ્દકોષો તથા કેટલીક ઈન્સ્ટીટ્યુટ પ્રકાશિત ગ્રંથો કે જે ફક્ત વેચાણથી મળે છે. તે ઘણું કરીને આપણા જ્ઞાનભંડારોમાં જોવા મળતા નથી. પૂજ્યોને અભ્યાસ ઉપયોગી આ ગ્રંથો સરળતાથી ઉપલબ્ધ થતાં નથી અથવા તો ક્યારેક દૂર દૂરના સારા ઉત્તમ જ્ઞાનભંડારોમાંથી મંગાવવા પડે છે જેમાં સમય-શક્તિ અને કુરિયરનો વધુ ખર્ચ થાય છે. તો શ્રી સંઘો પોતાના જ્ઞાનદ્રવ્યમાંથી આવા પુસ્તકોની ૧૦-૨૦-૫૦ નકલ ખરીદીને નજીકના જ્ઞાનભંડારોને ભેટ આપે તો પણ સુંદર જ્ઞાનભક્તિ થઈ શકે એમ છે. વધુ પ્રમાણમાં ખરીદતાં ભાવમાં કન્સેશન પણ મળી શકે છે. આ પ્રમાણે ખરીદીને જ્ઞાનભંડારોને ભેટ મોકલવા યોગ્ય કેટલાંક પુસ્તકોની યાદી અમે આ અંકમાં આપી છે.

તા.ક. : ઉપરોક્ત કોઈપણ બાબત અંગે સવિશેષ માહિતિ માટે અમારો પણ સંપર્ક કરી શકો છો.

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5AP & T Guide hence not be taxed.

1Rs.

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ - ૩૮૦ ૦૦૫.
મો. : ૯૪૨૬૫ ૮૫૯૦૪, (ઓ) : ૦૭૯ - ૨૨૧૩૨૫૪૩.